(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે તે લખો.** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સંથરીને | **પાથરીને** | **સંથારાના પાઠમાં** |
| ૨. જંભાઈએ | **બગાસું ખાવાથી** | **પહેલા શ્રમણસૂત્રમાં** |
| ૩. પડિહય | **રોકી દીધા છે** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. કન્નાલિક | **વર–કન્યાના રૂપ, ગુણ, ઉંમર સંબંધી જૂઠ** | **ત્રીજા વ્રતમાં** |
| ૫. ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** | **સામાયિકના આઠમા પાઠમાં** |

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પ્રતિક્રમણ કેટલા બોલનું છે? તે બોલ કયા કયા?

**જ. ૮૨, મિથ્યાત્વ ૨૫, અવ્રત ૧૨, પ્રમાદ ૫, કષાય – ૨૫, યોગ – ૧૫.**

૨. સાધુપણાની યાદ કરાવનાર શબ્દ કયા છે? મૂળ પાઠ અર્થ સાથે લખો.

**જ. સમણોડહં – હું શ્રમણ છું, સંજય – સંયતિ છું, વિરય – પાપથી નિવૃત્ત છું, પડિહય – રોકી દીધા છે.**

૩. સન્માન એટલે શું?

**જ. ગુરુ ભગવંતનું સન્માન કરવું. યોગ્ય આસન આપવું. વસ્ત્ર–પાત્ર–ગોચરી–પાણી વગેરે વહોરાવવા.**

૪. સર્વકાળની આશાતના એટલે શું?

**જ. સર્વ કાળની આશાતના એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એમ ત્રણે કાળની બધી આશાતનાઓ.**

૫. પરમાર્થ એટલે શું અને પરપાસંડ એટલે શું?

**જ. નવતત્ત્વ આદિ વિસ્તૃત સમજણને પરમાર્થ કહે છે. પરપાખંડ એટલે જિનેશ્વર ભગવાને બતાવેલા ધર્મ સિવાયના અન્ય ધર્મો.**

(૫૫)

**પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૬)**

૧. મિથ્યા શ્રુત – **સમ્યક્ શ્રુતમાં બતાવેલ ગુણ રહિત, અજ્ઞાની અને મિથ્યાદષ્ટિની સ્વચ્છંદ મતિ, કલ્પના અને તેના શાસ્ત્ર તે મિથ્યા શ્રુત, જેવા કે મહાભારત, રામાયણ, વૈદક, જ્યોતિષ તથા ૨૯ જાતિના પાપશાસ્ત્ર વગેરે ગ્રંથ.**

૨. પારિણામિકા બુદ્ધિ – **તે જેમ જેમ વય પરિપક્વ થાય તેમ તેમ બુદ્ધિ પરિણમે. આત્મ હિતકારી અને મોક્ષ ફળ દેનારી બુદ્ધિ ઉપજે તે.**

૩. અયોગી ભવસ્થ કેવળજ્ઞાન – **અયોગી કેવળી નામના ૧૪ મા ગુણસ્થાનમાં રહેલા કેવળીનું જ્ઞાન.**

૪. જ્ઞેય – **જાણવા યોગ્ય પદાર્થ તે.**

૫. ગમિક શ્રુત – **જેમાં ઘણીવાર સરખા પાઠ આવે. બારમું અંગ દષ્ટિવાદ સૂત્ર.**

૬. અસંબદ્ધ – **વચમાં વિક્ષેપ સહિત જાણે અને દેખે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માત્ર એક શબ્દમાં લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. જ્ઞાનને ધારણ કરવું તે? | **ધારણા** |
| ૨. વિશેષપણે જાણે તે? | **વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન** |
| ૩. અક્ષરના આકારનું જ્ઞાન તે? | **સંજ્ઞા અક્ષર શ્રુત** |
| ૪. આત્માથી પ્રત્યક્ષ થાય તે જ્ઞાન? | **નો ઈન્દ્રિય પ્રત્યક્ષ** |

૫. અનંતર સિદ્ધ કેવળજ્ઞાનના ભેદ? **પંદર**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. આણત દેવલોકના દેવનું અવધિજ્ઞાન ....... ને આકારે હોય છે તિર્ચ્છાલોકનું ક્ષેત્ર ...... છે.

**જ. ઉર્ધ્વ મૃદંગ, અસંખ્યાતા દ્વીપ–સમુદ્ર.**

૨. મન:પર્યવજ્ઞાન ...... અને ...... ને ઉત્પન્ન થાય છે.

**જ. ચારિત્રવાન, અપ્રમત્ત.**

૩. શ્રુતની વિરાધના કરનાર ...... અપેક્ષા ...... માં પરિભ્રમણ કરે છે.

**જ. ત્રણે કાળ, સંસાર.**

૪. વ્યંજનાવગ્રહનો કાળ ...... અને અર્થાવગ્રહનો કાળ ...... છે.

**જ. અંતર્મુહૂર્ત, એક સમય.**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન એટલે શું? તે કેટલા છે? કયા કયા? (૩)

**જ. જે પોતે ઈન્દ્રિય દ્વારા જાણે છે તે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. તેને વ્યવહાર દષ્ટિથી પ્રત્યક્ષ કહેલ છે, વાસ્તવિક તે પરોક્ષ જ છે. તેના પાંચ ભેદ છે – શ્રોત્રેન્દ્રિય પ્રત્યક્ષ, ચક્ષુઈન્દ્રિય પ્રત્યક્ષ, ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ, રસનેન્દ્રિય પ્રત્યક્ષ, સ્પર્શનેન્દ્રિય પ્રત્યક્ષ.**

૨. ભાવથી મન:પર્યવજ્ઞાનનો વિષય લખો. (૨×૬)

**જ. ઋજુમતિ જઘન્ય અનંત દ્રવ્યના ભાવને જાણે–દેખે, ઉત્કૃષ્ટ સર્વ ભાવના અનંતમા ભાગને જાણે–દેખે. વિપુલમતિ તેથી અધિક સ્પષ્ટ, વિપુલ જાણ–દેખે.**

૩. ભવસ્થ કેવળજ્ઞાન એટલે શું? તેના કેટલા ભેદ છે? કયા કયા?

**જ. જે મનુષ્ય ભવમાં રહેલા છે તેનું કેવળજ્ઞાન તે ભવસ્થ. તેના બે ભેદ છે – સયોગી ભવસ્થ કેવળજ્ઞાન અને અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.**

૪. અવધિજ્ઞાનનું જઘન્ય અને ઉત્કૃષ્ટ ક્ષેત્ર લખો.

**જ. અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર–સૂક્ષ્મ નિગોદના જીવનું શરીર ત્રણ સમય આહાર લેવા પર જેટલું ક્ષેત્ર અવગાહે તેટલું ક્ષેત્ર જાણે. ઉત્કૃષ્ટ ક્ષેત્ર–અલોકમાં લોક જેવડા અસંખ્યાતા ખંડ ભરાય તેટલું ક્ષેત્ર સર્વ દિશા–વિદિશા જાણે અને જુએ.**

૫. ઈહા એટલે શું? તેના ભેદ કેટલા છે?

**જ. અવગ્રહથી ગ્રહણ કરેલ વિષયની વિચારણા તે ઈહા. નિર્ણય થાય નહિ કે મને કોણ બોલાવે છે? સંશયની વિચારણા કે તે મિત્ર હશે કે ભાઈ? તેના ભેદ છ છે.**

૬. કાળથી સાદિ–અનાદિ, સપર્યવસિત–અપર્યવસિત શ્રુત લખો.

**જ. કાળથી સમ્યક્ શ્રુત ઉત્સર્પિણી–અવસર્પિણી આશ્રી સાદિ સપર્યવસિત. નો ઉત્સર્પિણી–નો અવસર્પિણી આશ્રી અનાદિ અપર્યવસિત.**

૭. શુદ્ધિ અને દર્શનની અપેક્ષાએ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત લખો.

**જ. શુદ્ધિ અપેક્ષા–અવધિજ્ઞાન મન:પર્યવની અપેક્ષા અશુદ્ધ છે, મન:પર્યવજ્ઞાન અવધિ કરતા અધિક શુદ્ધ છે. દર્શન અપેક્ષા–અવધિદર્શનથી જુએ છે, અવધિજ્ઞાનથી જાણે છે. મન:પર્યવથી જોવું અને જાણવું બંને ક્રિયા થાય છે.**

**(બ) ચાર કષાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. આત્મ પ્રતિષ્ઠિત અને વેદ્યા એટલે શું?

**જ. આત્મ પ્રતિષ્ઠિત–પોતાના માટે. પોતાને પોતાના પર ક્રોધ આવે તે. ઉદા. પોતાનાથી થયેલ ભૂલને કારણે પોતાના ગાલ પર મારે, માથું પછાડે. વેદ્યા–અબાધાકાળ પૂર્ણ થતા કર્મનું ઉદયમાં આવવું અથવા ઉદીરણા દ્વારા ઉદય આવલિકામાં ખેંચેલ કર્મનું ફળ દેવું.**

૨. માનના પ્રકાર કેટલા છે? પહેલા–ચોથાનું નામ અને બીજા–ત્રીજાની વ્યાખ્યા લખો.

**જ. ચાર. ૧) અનંતાનુબંધી ૨) અપ્રત્યાખ્યાનાવરણીય – દેશવિરતિની ઘાત કરે ૩) પ્રત્યાખ્યાનાવરણીય–સર્વ વિરતિની ઘાત કરે એવો. ૪) સંજવલન.**

૩. અર્થ લખો – વત્થુ – **વાસ્તુ, ઢાંકી જમીન માટે, મકાન વગેરે માટે.**

આભોગ – **ક્રોધના કારણ અને તેના ફળને જાણીને ક્રોધ કરવો.**

૪. કષાયના દળિયા કેટલા? ક્રોધ કષાયના દળિયાના ભાંગા કેટલા? કેવી રીતે? ટૂંકમાં લખો.

**જ. કષાયના દળિયા છ. ક્રોધ કષાય દળિયાના ભાંગા–૪૫૦. છ દળિયાને ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનકાળ અપેક્ષા ૩×૬=૧૮. એ ૧૮ ભેદ સમુચ્ચય જીવ અપેક્ષા અને ૨૪ દંડક અપેક્ષા ૧૮×૨૫=૪૫૦ ભાંગા થાય.**

૫. કયા કષાય લાભે? જમીન માટે કાકા પર કેસ કર્યો, મેં દિવાલ પર માથું પછાડ્યું, મોહનીય કર્મના ઉદયથી માન આવ્યું, શ્રાવકપણું ન લેવા દે.

**જ. વત્થુ, આત્મ પ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત, અપ્રત્યાખ્યાનાવરણીય.**

**(ક) ચાર ધ્યાનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) અર્થ લખો. (૪)**

૧. અજ્ઞાન દોષ – **મિથ્યા શાસ્ત્રોના સંસ્કારોથી હિંસા વગેરે ધર્મ વિમુખ કાર્યમાં પ્રવૃત્ત રહેવું.**

૨. વિલપન – **વારંવાર પૂર્વે કરેલા કર્મોનું ચિંતન કરતા ક્લેશયુકત વિલાપ કરતા બોલવું.**

૩. અસંમોહ – **ધર્મના સૂક્ષ્મ ભાવ સાંભળીને ગ્લાનિ ન લાવવી.**

૪. અસરણાણુપ્પેહા – **સંસારમાં કોઇ કોઇનું શરણ નથી તેનો વિચાર ચિંતવવો.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૧)**

૧. સમકિતીને અને વર્તમાને ૧૫ કર્મભૂમિમાં કેટલા અને કયા કયા ધ્યાન હોય? (૫)

**જ. સમકિતીને – ૪ ધ્યાન તે આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. વર્તમાને ૧૫ કર્મભૂમિમાંથી પાંચ ભરત, પાંચ ઈરવતમાં – ૩ ધ્યાન તે આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન. પાંચ મહાવિદેહમાં ૪ ધ્યાન તે આર્ત્ત ધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

૨. ચાર ધ્યાન કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? (૪)

**જ. ભગવતી સૂત્ર શતક ૨૫, ઉદ્દેશો ૭, ઠાણાંગ સૂત્ર ચોથું સ્થાન, ઉવવાઈ સૂત્ર.**
**ભગવતી સૂત્ર અને ઠાણાંગ સૂત્ર તે અંગ સૂત્ર છે અને કાલિક સૂત્ર છે.**
**ઉવવાઈ સૂત્ર ઉપાંગ સૂત્ર છે અને ઉત્કાલિક સૂત્ર છે.**

૩. રૌદ્રધ્યાનનો બીજો પાયો, ધર્મધ્યાનનું ત્રીજું આલંબન, શુક્લધ્યાનની ચોથી અનુપ્રેક્ષા, આર્ત્તધ્યાનનું પહેલું લક્ષણ લખો. માત્ર નામ લખો. (૨)

**જ. જૂઠમાં આનંદ માનવો, પરિયટ્ટણા, વિપરિણામાનુપ્રેક્ષા, ક્રન્દન.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અચેત પાણીના નામ કયા સૂત્રમાં છે? કોની સાથે વેર ન બંધાય?

**જ. આચારાંગ સૂત્ર બીજો શ્રુતસ્કંધ, અધ્યયન ૧, ઉદ્દેશો ૭/૮. પાણીમાં ઉત્પન્ન થતા અસંખ્ય અપકાયના, પાણીમાં રહેલા અનંતા વનસ્પતિના, પાણીમાં રહેલા અન્ય અસંખ્યાતા ત્રસ જીવો સાથે વેર ન બંધાય.**

૨. પરઠીને પાછા ઉપાશ્રયમાં આવીને શું કરવું? સંમૂર્ચ્છિમ જીવોની દયા પાળવા શું જાણવું જરૂરી છે?

**જ. દોષોની આલોચના કરવા સામાયિકના ત્રીજા પાઠ ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવો. સંમૂર્ચ્છિમ જીવોની દયા પાળવા શરીરની અશુચિ પરઠવાની વિધિ જાણવી જરૂરી છે.**

૩. વ્રત લેવાથી શેનાથી બચાય છે? અવ્રતી શેનો ત્યાગ કરતો નથી? સનત્કુમારે શું છોડી વ્રત લીધા?

**જ. અનર્થદંડથી બચાય છે, અવ્રતી સાવદ્યયોગનો ત્યાગ કરતો નથી. ૧૬૦૦૦ રત્નની ખાણ અને ૨૦૦૦૦ સોનાની ખાણ છોડી દીક્ષા લીધી.**

૪. ભોજનમાં અણગમો તે કયું ધ્યાન છે? તેનાથી શું થાય છે? ક્ષમા રાખવાથી શેનો લાભ મળે છે? કડવા શબ્દો કહેનાર શા માટે ઉપકારી છે?

**જ. આર્તધ્યાન, તેનાથી નવા અશુભ કર્મ બંધાય છે. ક્ષમાથી સંવરનો લાભ મળે છે. કર્મ ખપાવવામાં સહાયક બને છે.**

૫. છટ્ઠા અને સાતમા નિન્હવનું નામ લખી તેઓ શા માટે નિન્હવ થયા?

**જ. ૬) રોહગુપ્ત – જીવરાશિ, અજીવરાશિ, નો જીવરાશિ નો અજીવરાશિ એમ ૩ રાશિની પ્રરૂપણા કરવાવાળા.**
**૭) ગોષ્ઠમાહિલ – જીવ કર્મથી સ્પૃષ્ટ હોય છે પરંતુ કર્મથી બંધાયેલો નથી હોતો તે પ્રરૂપણા કરવાવાળા.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ૩ થી ૪ લીટીમાં લખો.**

૧. સકડાલ પુત્ર કોણ હતા? તે કોના અનુયાયી હતા? તેઓ શેનો વેપાર કરતા હતા? તેમની પાસે કેટલી કર્મશાળા હતી?

**જ. કુંભાર, ગોશાલકના આજીવિકા મતના, વાસણ બનાવવા અને વેચવાનો વેપાર, ૫૦૦ કર્મશાળા હતી.**

૨. સકડાલ પુત્રના જીવનમાં કોનું મહત્ત્વ હતું? તે કેવા હતા?

**જ. તેમની પત્ની અગ્નિમિત્રા. તે પતિ પરાયણ, સુખ–દુ:ખમાં સહભાગી, ધાર્મિક જીવનમાં સહાયક, ગૃહકાર્યમાં કુશળ હતા.**

૩. ગોશાલકે ભગવાનને મહામાહણ કેમ કીધા?

**જ. ભગવાન મહાવીર અપ્રતિહત જ્ઞાન–દર્શનના ધારક છે, ત્રણે લોક દ્વારા સેવિત અને પૂજિત છે માટે.**

૪. સોમા સાધ્વી શેનો અભ્યાસ કરશે? તેઓ ક્યાં ઉત્પન્ન થશે? ત્યાં તેમની સ્થિતિ કેટલી હશે? ત્યાંથી ક્યાં જશે?

**જ. અગિયાર અંગસૂત્રોનો, શક્રેન્દ્રને ત્યાં સામાનિક દેવપણે, ત્યાં તેમની સ્થિતિ બે સાગરની હશે. ત્યાંથી ચ્યવીને મહવિદેહ ક્ષેત્રમાં જન્મશે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? – ૧) મને સંતાન થાય – **સુભદ્રાએ સુવ્રતા સાધ્વીને કહ્યું.**
૨) આપ તેનો સ્વીકાર કરો – **ભદ્રા સાર્થવાહે સુવ્રતા સાધ્વીને કહ્યું.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. મુઝે સુખ ........ કુરબાન હો. | **પાના નં. ૫૮ કડી ૧/૨** |
| ૨. સંયમ ......... પરમાતમને. | **પાના નં. ૫૮ કડી ૨** |
| ૩. માનને ........ માયાને. | **પાના નં. ૫૭ કડી ૨** |
| ૪. સાધુના ગુણ અને મહાવ્રત જે કડીમાં આવતા હોય તે કડી લખો. | **પાના નં. ૫૬ કડી ૫/૨** |

**જય – જિનેન્દ્ર**